# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : હું પ્રાથમિક શિક્ષક તરીકેની કારકિર્દી બનાવવા માગું છુ, મને D.EL. Ed.ના અભ્યાસક્રમની માહિતી આપશો.**

**- હર્ષ આઈ. પરમાર**

કોઈપણ પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ કર્યા પછી D. EL. Ed. (ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજયુકેશન) માં એડમિશન મળી શકે છે. બે વર્ષની મુદતનો આ કોર્સ છે.

NCTE દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની સરકારી / બિનસરકારી અનુદાનિત તેમજ સ્વ-નિર્ભર અધ્યાપન મંદિરો અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોમાં કેન્દ્રીયકૃત પ્રવેશ યોજના હેઠળ વિદ્યાર્થીઓ D. EL. Ed. પ્રવેશ મેળવી શકે છે.

- **પ્રવેશ માટે જરૂરી લાયકાતઃ-**

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉત્તર બુનિયાદી પ્રવાહમાં પ્રાયોગિક વિષય સહિતના કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ % ગુણ સાથે ઉત્તિર્ણ કરેલ હોવી જોઈએ.

- **પ્રવેશ માટે લઘુત્તમ ગુણઃ-**

ઉમેદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવેલા હોવા જોઈએ પરંતુ અનામત કક્ષાના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૪૫ % ગુણ મેળવેલ હોવા જોઈએ.

- **પ્રવેશનું માધ્યમઃ-**

ઉમેદવારે જે માધ્યમમાં ધોરણ-૧૦ ની અને ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હશે તે જ માધ્યમની કોલેજમાં પ્રવેશને પાત્ર રહેશે.

- **વયમર્યાદાઃ -**

જાહેરાતના ધારા ધોરણ પ્રમાણે.

શિક્ષણ વિભાગના તા.૧૯/૮/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ મુજબ તમામ પ્રકારના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫ % અનામત મળવાપાત્ર થશે.

રાજયમાં આવેલ NCTE માન્યતા પ્રાપ્ત તમામ સંસ્થાઓને તથા ઉમેદવારોને પ્રવેશ સંબંધી જરૂરી સુચનાઓ યથાપ્રસંગે વેબસાઈટ પર મૂકવામાં આવશે. તે વખતોવખત જોવા વિનંતી કરવામાં આવે છે.

- **સંપર્કઃ-**

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

**Website : http://deled.orpgujarat.org**

**gujarat.education.gov.in**

---

**પ્રશ્ન : મને નાયબ સેક્શન અધિકારી સચિવાલય વર્ગ-૩ની ભરતી/ પરીક્ષા અંગે માહિતી આપશો.**

**- સબિયા એસ. ઘાંચી**

ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો હસ્તકની નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવે છે.

- **વયમર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૨૦ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષ પૂરા કરેલા ન હોવા જોઈએ. ઉમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

- **શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ, ૧૯૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થઈ હોય તેવી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

ગુ.મુ.સે. વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો- ૧૯૬૭-૮(૧ એ)ની જોગવાઈ મુજબ કમ્પ્યૂટર ઍપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. સંબંધિત જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલા કમ્પ્યૂટર ઍપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૦૮-૨૦૦૮ના ઠરાવ ક્રમાં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેના પત્રક-૧માં દર્શાલ અભ્યાસક્રમને કમ્પ્યૂટરના બેઝિક નોલેજ તરીકે જાહેર કરાયેલા છે. આ અભ્યાસક્રમ મુજબનું કમ્પ્યૂટર વિષયની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સિટી અથવા સરકાર માન્ય સંસ્થામાં કમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા, ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલો હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમા કે ડિગ્રી અભ્યાસક્રમમાં કમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા કમ્પ્યૂટર વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત ન ધરાવતા ઉમેદવારો નિમણૂકને પાત્ર બનશે નહિં.

ઉમેદવાર ગુજરાતી અને/ અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પૂરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમિસ્ટર/ વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયા છે અથવા થવાના છે પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયું ન હોય તેવા ઉમેદવારો પ્રિલિમનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલી શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

- **પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :**

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

**સ્ક્રીનિંગ ટેસ્ટ** (પ્રાથમિક કસોટી)નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે.

અંધ ઉમેદવારોને પ્રિલિમનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપરદીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય આપવામાં આવશે જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.

- **મુખ્ય લેખિત પરીક્ષાના અભ્યાસક્રમમાં કુલ ૪ પેપર રહેશે.**

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| પ્રશ્નપત્ર ૧ | ગુજરાતી ભાષા (ઇન્ટરમિડિયેટ કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૨ | અંગ્રેજી ભાષા (ઇન્ટરમિડિયેટ કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૩ | સામાન્ય અભ્યાસ ૧ (સ્નાતક કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૪ | સામાન્ય અભ્યાસ ૨ (સ્નાતક કક્ષા) | ૧૦૦ ગુણ |

- પેપર-૧ અને પેપર-૨ના પ્રશ્નપત્રનું સ્તર ધો. ૧૨ ઉચ્ચતર કક્ષાનું રહેશે.
- પેપર-૩ અને પેપર-૪ના પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટમાં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઇઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા જાહેરાતની જોગવાઈ મુજબની શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા જાહેરાતમાં દર્શાવેલી જગ્યાના કેટેગરી વાઇઝ આશરે છ ગણા ઉમેદવારોને લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટમાં ઉમેદવારોને કમ્પ્યૂટરાઇઝ્ડ O.M.R. શીટ આપવામાં આવશે.
- પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે.
- નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.
- 'Not attempted' વિકલ્પ પસંદ કરવાન કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહિં.
- પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે મુખ્ય લેખિત પરીક્ષાના પેપર-૨ (અંગ્રેજી) નું માધ્યમ બધા ઉમેદવાર માટે અંગ્રેજી રહેશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી)માં મેળવેલા ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવતા નથી. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરીક્ષાને આધારે નિયત કરવામાં આવશે.

**સરનામું :**

**ગુજરાત જાહેર સેવા આયોગ**

સેક્ટર ૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ,

ગાંધીનગર, ૩૮૨૦૧૦.

વેબસાઇટ : https://gpsc.gujarat.gov.in/

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**

**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯

**પત્ર વ્યવહારનું સરનામું :**

વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧